From the Biography of Shastriji Maharaj, published in 1960 (1st Edition)



•

આ જ અરસામાં દાદુભાઈ તથા કાંતિભાઈને તેમના ધંધામાં સ્વામીશ્રીના આશીર્વાદથી ખૂબ જ સફળતા મળી હતી. પૂર્વના મહાન સંસ્કારવાળા આ ભક્તોને, સ્વામીશ્રી એ જ પોતાનું સર્વસ્વ મનાયું હતું. એટલે આ પ્રસંગે સારી સેવા કરી, સ્વામીશ્રીને રાજી કરી લેવાનો, તેમનો સંકલ્પ હતો. વળી છગનભાઈને પણ સ્વામીશ્રી પ્રત્યે અનન્ય નિષ્ઠા હતી. એટલે તેમને પણ અંતરમાં એવો ભાવ રહેતો કે ધન સંપત્તિ તો વારંવાર મળશે, પરંતુ આવા શ્રીજીસ્વરૂપ સંતવર્યની સેવાનો અમૂલ્ય લ્હાવો ફરી ફરી મળશે નહિ. એટલે સ્વામીશ્રીના વચનને તેઓ પાછું ઠેલતા નહિ.

**ભગવાનને ભગવાનના ભક્ત અર્થે શું ન થાય?**

ગઢપુર એ શ્રીજીનું સર્વોત્તમ સ્થાન. તેની સર્વોપરી સેવા તો જે અતિ ભાગ્યશાળી હોય અને સ્વામીશ્રીની અપૂર્વ કૃપાના અધિકારી હોય, તેને જ મળે. તે સેવા આજે સ્વામીશ્રીને, મુક્તરાજ દાદુભાઈ, કાંતિભાઈ તથા છગનભાઈને આપવી હતી. એ દિવ્ય સંકલ્પની વાત છેડતાં સ્વામીશ્રીએ એક દિવસ તેમને કહ્યું, "ગઢપુરમાં મહારાજના સંકલ્પે મંદિર થાય છે. મહારાજે પોતે જ દોરી લઈને ટેકરા ઉપર જમીન માપી ખૂંટીઓ ખોડી હતી અને કેવું મંદિર કરવું, ધર્મશાળા, સભામંડપ, દરવાજો વગેરે કેવા કરવા તે માટે નકશો પણ તૈયાર કરી

•

આ મહામુક્તોના ચરિત્રોથી, આ હરિભક્તોનાં હૃદય રંગાઈ ગયા. તેમણે સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું, 'દયાળુ! આપની જે આજ્ઞા હોય તે કહો.' સ્વામીશ્રીએ તેમનો ભાવ જોઈ હસીને કહ્યું, 'તમો ત્રણે મળીને રૂપિયા એકાવન હજારની સેવા કરો.' સ્વામીશ્રીનું વચન અધ્ધર ઝિલીને, આ ત્રણે હરિભક્તો રાત્રે એક વાગે ઘેર ગયા.

બીજે દિવસે સવારના રૂ. ૫૧,૦૦૦નો થાળ ભરી, સ્વામીશ્રી પાસે આ ત્રણે હરિભક્તોએ ભેટ મૂક્યો. સ્વામીશ્રીની પૂજા આરતી કરી. સ્વામીશ્રી તેમનો અત્યંત ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા. આહીર સામત પટેલે પોતાના વાડી, ખેતર, ઘર

•

**પ્રેમલક્ષણા ભક્તિનું અદ્‌ભુત દશ્ય!**

હતું. એવી અડગ નિષ્ઠાવાળા આ ભક્તોને આજે એ મુક્તિ કરતાં પણ, આ યોગેશ્વરની અતિ પ્રસન્નતાની, વધુ અપેક્ષા હતી. છગનભાઈએ હાથ જોડી સ્વામીશ્રીને પ્રાર્થના કરી, 'દયાળુ! આપ ખરેખર જ જો રાજી થયા હો તો જે પ્રમાણે ભગતજી આપને મળ્યા હતા તેમ અમને મળો!' સ્વામીશ્રીએ હસતા હસતા કહ્યું, 'મારી ક્યાં ના છે? હું તૈયાર જ છું.' તુરત જ કેસર, અત્તરથી મિશ્રિત ચંદન મંગાવ્યું. પ્રથમ દાદુભાઈએ ચંદનની અર્ચા સ્વામીશ્રીના આખા શરીરે કરી અને પછી સ્વામીશ્રીને મળ્યા. ત્યારબાદ છગનભાઈએ એ પ્રમાણે ચંદનની અર્ચા કરી અને સ્વામીશ્રીને મળ્યા. છેલ્લે કાંતિભાઈએ પણ એ અમૂલ્ય લ્હાવો લીધો. છગનભાઈએ પછી પ્રાર્થના કરી,

•

From the Biography of Shastriji Maharaj, published in 2007 (5th Edition)



•

છગનભાઈને પણ સ્વામીશ્રી પ્રત્યે અનન્ય નિષ્ઠા હતી. એટલે તેમને પણ અંતરમાં એવો ભાવ રહેતો કે 'ધન-સંપત્તિ વારંવાર મળશે, પરંતુ આવા શ્રીજીસ્વરૂપ સંતવર્યની સેવાનો અમૂલ્ય લહાવો ફરી ફરી મળશે નહિ.' એટલે સ્વામીશ્રીના વચનને તેઓ પાછું ઠેલતા નહિ.

**ભગવાન ને ભગવાનના ભક્ત અર્થે શું ન થાય ?**

ગઢપુર એ શ્રીજીનું સર્વોત્તમ સ્થાન. તેની સર્વોપરી સેવા તો જે અતિ ભાગ્યશાળી હોય અને સ્વામીશ્રીની અપૂર્વ કૃપાના અધિકારી હોય, તેને જ મળે. તે સેવા આજે સ્વામીશ્રીને મુક્તરાજ છગનભાઈને આપવી હતી. એ દિવ્ય સંકલ્પની વાત છેડતાં સ્વામીશ્રીએ એક દિવસ તેમને કહ્યું :

•

હૃદયની આરપાર ઊતરી જાય એવી હૃદયંગમ શૈલીમાં, પ્રેરણાનાં અમૃત પાતાં, આ અક્ષર મુક્તોનાં ચરિત્રોથી, આ હરિભક્તોનાં હૃદય રંગાઈ ગયાં. તેમણે સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : 'દયાળુ ! આપની જે આજ્ઞા હોય તે કહો.'

સ્વામીશ્રીએ તેમનો ભાવ જોઈ હસીને કહ્યું : 'તમો રૂપિયા એકાવન હજારની સેવા કરો.'

સ્વામીશ્રીનું વચન તેમણે અદ્ધર ઝીલ્યું. રાત્રે એક વાગે ઘેર ગયા.

બીજે દિવસે સવારના રૂ. ૫૧,૦૦૦/-નો થાળ ભરી, સ્વામીશ્રી પાસે ભેટ મૂક્યો. સ્વામીશ્રીની પૂજા-આરતી કરી. સ્વામીશ્રી તેમનો અત્યંત ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા. આહીર સામત પટેલે પોતાની વાડી, ખેતર,

•

**પ્રેમલક્ષણા ભક્તિનું અદ્‌ભુત દશ્ય !**

સ્વામીશ્રી તો ચહાય તે આપવા સમર્થ હતા. અક્ષરધામ તો તેમના સંબંધે જ પ્રાપ્ત થઈ ગયું હતું. એવી અડગ નિષ્ઠાવાળા આ ભક્તને આજે એ મુક્તિ કરતાં પણ, આ યોગેશ્વરની અતિ પ્રસન્નતાની, વધુ અપેક્ષા હતી. છગનભાઈએ હાથ જોડી સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'દયાળુ ! આપ ખરેખર જ જો રાજી થયા હો તો જે પ્રમાણે ભગતજી આપને મળ્યા હતા તેમ અમને મળો !'

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'મારી ક્યાં ના છે ? હું તૈયાર જ છું.' તરત જ કેસર, અત્તરથી મિશ્રિત ચંદન મંગાવ્યું. છગનભાઈએ ચંદનની અર્ચા સ્વામીશ્રીના આખા શરીરે કરી અને પછી સ્વામીશ્રીને મળ્યા. સાથમાં બીજા હરિભક્તોને પણ આ લાભ મળ્યો. છગનભાઈએ પછી પ્રાર્થના

•